# ધી હેલ્પીંગ હેન્ડ્સ

Reg. No. E-8602

**ક્રિશ્ચિયન પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ**

www.helpinghandsgujarat.org

Email : info@helpinghandsgujarat.org



## મુખ્ય કાર્યાલય

**૯/૧૯૮, મ્યુ. ક્વાર્ટર્સ, મેથોડિસ્ટ ચર્ચ સામે,**
**સિયોનનગર, મણિનગર (પૂર્વ),**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૮.**
**ગુજરાત, ભારત**
**ફોન : ૯૩૨૮૯૨૫૭૩૪**



**વર્ષ : ૩૨ અંક : ૧૦**

**માર્ચ - એપ્રિલ**

**૨૦૨૧**

**હેલ્પીંગ હેન્ડ્સ દ્વિમાસિક પ્રસિદ્ધ**
**થતી પત્રિકા**
**ફક્ત ખાનગી વિતરણ માટે**



## ટ્રસ્ટના હોદ્દેદારો

| | |
|---|---|
| પ્રમુખ | : શ્રી એડવીનભાઈ ક્રિશ્ચિયન |
| મો. | : ૯૩૨૮૯૨૫૭૩૪ |
| ઉપપ્રમુખ | : શ્રી સેમ્યુલ ક્રિશ્ચિયન |
| મો. | : ૭૫૬૭૯૯૮૮૧૫૧ |
| સેક્રેટરી | : શ્રી એડવિન પરમાર |
| મો. | : ૯૪૨૮૩૩૧૫૨૭ |
| જો. સેક્રેટરી | : શ્રી સોલોમન ક્રિશ્ચિયન |
| ટ્રસ્ટી | : શ્રી વેલેન્ટાઈન ઈસદાસ |
| ટ્રસ્ટી | : શ્રી રોબિન્સન ક્રિસ્ટી |
| ટ્રસ્ટી | : શ્રી ચંદ્રવદન કાપડિયા |
| ટ્રસ્ટી | : શ્રી સેમ્યુલ કે. ક્રિશ્ચિયન |
| ટ્રસ્ટી | : શ્રી ઓલ્વિન વાઘેલા |



**પ્રકાશક : હેલ્પીંગ હેન્ડ્સ**

મુદ્રક : નોએલ પ્રિન્ટર્સ

જમાલપુર, અમદાવાદ મો. : ૯૯૨૪૬૩૧૫૪૨

Email : davisfrank605@gmail.com


# પ્રમુખશ્રીની કલમે....

મારા વ્હાલા સાથીઓ,

હેલ્પીંગ હેન્ડ્સ ટ્રસ્ટી મંડળની પ્રેમી સલામ. ઈશ્વરપિતાનો આભાર માનીએ છીએ કે આવા કપરા કાળ અને પરિસ્થિતિમાં આપણ સૌને સાચવ્યા છે, સંભાળ્યા છે અને બચાવ્યા છે. પ્રભુની સ્તુતિ થાઓ.

સમગ્ર માનવજાત આજે ભયના ઓથાર હેઠળ જીવી રહી છે. કરોડો લોકો મોતને શરણ થયા છે. રાજકારણીઓ અને ચૂંટણીઓ ઉપર માછલાં ધોવાય છે. આક્ષેપ અને પ્રતિઆક્ષેપોનો મારો સતત ચાલુ રહ્યો છે. પણ મોતનો સીલસીલો સતત ચાલુ રહ્યો છે. માનવજાત તબાહીના સકંજામાં સપડાઈ ગઈ છે. વિશ્વમાં આજે કાબેલ વૈજ્ઞાનિકો છે. જુદા જુદા ક્ષેત્રોના નિષ્ણાંત ડૉક્ટરો છે પણ કોરોનાની મહામારી સામે તેઓ લાચાર થઈ ઊભા છે. દુનિયામાં ભયંકર મહામારી છે ત્યારે દેશમાં ભ્રષ્ટાચારની સનસનાટી મચી ગઈ છે. દવાઓ, રસી અને ઈન્જેક્શનોના કાળાબજાર અને વેપલો થઈ રહ્યો છે. દવાખાનાઓ આગળ બિમારો અને ૧૦૮ની લાઈનો લાગી છે. જરૂરિયાતમંદ આમતેમ વલખાં મારી રહ્યો છે. સમગ્ર માનવ જીવનની આવી પરિસ્થિતિ ઊભી થશે તેની તો કલ્પના જ ન હતી. આજે ચિંતા, ભય અને હતાશામાં એકેએક વ્યક્તિ ગરકાવ થઈ ગઈ છે. માનવ જીવનની નિર્બળતા અને મર્યાદા કોરોનાએ છતી કરી દીધી છે. ખ્રિસ્તી સમાજના કુટુંબોએ મા-બાપ, ભાઈ-બહેન, પતિ-પત્ની, સગાસ્નેહીઓ, મિત્રો અને સેવકોને ગુમાવ્યા છે. તેનું અનેકઘણું દુઃખ છે. સંસ્થાએ પણ તેના પાયાના ભૂતપૂર્વ કાર્યકરો અને ચાલુ કાર્યકરોને ગુમાવ્યા છે. માનવજીવન ચિંતાગ્રસ્ત થઈ ગયું છે. આજે શું થશે ? કે કાલે શું થશે ? માંદાઓને સારવાર મળતી નથી. બેડ, દવાઓ અને ઈન્જેક્શનો મળતાં નથી. બધી જ હોસ્પિટલો ભરાઈ ગઈ છે. સમગ્ર દેશમાં ઓક્સિજન એ પ્રાણપ્રશ્ન બની ગયો છે. આવી પરિસ્થિતિમાં પણ માનવજાતને લાંછન લાગ્યું છે. માનવ સ્વાર્થી અને ક્રુર બની ગયો છે. નકલી ઈન્જેક્શનો અને દવાઓનો રાફડો ફાટી નીકળ્યો છે. કેટલાક તત્વો માનવ જીવનને માટે મોતના સોદાગર બની ગયા છે. આજે માણસ કરતાં માણસાઈ વધુ મરી રહી છે. આ નઝારો આપણે ટી.વી.ની દરેક ચેનલો ઉપર રોજેરોજ જોઈએ છીએ. ન ઉકેલાય એવી વ્યથા માનવી અનુભવી રહ્યો છે. જેના અને તેના મોઢે સાંભળીએ છીએ કે કુદરત રૂઠી છે. ઉપરવાળાનો કોપ દુનિયા સહી રહી છે. આ વાત સાચી છે, કારણ કે માણસે તો ઈશ્વર વિરુદ્ધ એટલું બધું કર્યું છે કે જો તેની પર તૈયાર કરીએ તો ઢગલાબંધ ગ્રંથો લખાઈ જાય. આ પરિસ્થિતિ માટે

પવિત્રશાસ્ત્રમાં યશાયા પ્રબોધક ૨૪:૫માં લખે છે કે, ''વળી પૃથ્વી તેના રહેવાસીઓના પાપને લીધે ભ્રષ્ટ થઈ છે, કેમ કે તેઓએ નિયમનું ઉલ્લંઘન કર્યું છે. વિધિનો અનાદર કર્યો છે. સનાતન કરાર તોડ્યો છે.'' આ વચનોને આધારે પૃથ્વી ઉપરના દરેક મનુષ્યે ઈશ્વરપિતાના પાયાસન આગળ નતમસ્તકે નમી જવાની જરૂર છે. હાલ પસ્તાવો કરવાનો સમય છે. ખ્રિસ્તીઓ તરીકે પ્રભુએ આપણને જે કહ્યું છે તે કરીએ. કારણ કે પરમેશ્વર પિતા આપણા ન્યાયાધીશ, આપણા શાસક, અને આપણા રાજા છે તે આપણી સંભાળ રાખશે અને આપણો બચાવ કરશે.

છેલ્લે ખ્રિસ્તી સમાજ તરીકે આપણે એક વાતની નોંધ લઈએ કે, દૈનિક પત્રોમાં અને ટી.વી. ચેનલો ઉપર જેઓએ જુદા જુદા પ્રકારે સેવા કરી છે તેને પ્રકાશિત કરવામાં આવી છે. આ બાબત સરાહનીય છે, પણ આપણી બહેનો-દીકરીઓ જે આ સેવાના વ્યવસાયમાં જોડાયેલી છે, તેની બહુ ઓછી નોંધ લેવામાં આવી છે. નર્સો તરીકે સેવા આપતી, ખડે પગે ઊભી રહેતી અને ઘણી બધી જગ્યાએ ટૂંકા અને ઓછા પગારમાં નોકરી કરતી આ સેવિકાઓ માટે આપણે તેમનો અને ઈશ્વરપિતાનો આભાર માનીએ છીએ. આ પરિચારિકાઓ અને આ વ્યવસાય સાથે સંકળાએલા છે તે બધા જ વ્હાલાઓને ઈશ્વરપિતા સાચવે, સંભાળે, બચાવે અને પૃથ્વી ઉપરના જીવનમાં પુષ્કળ આશીર્વાદિત કરે એ જ અંતરની પ્રાર્થના પ્રભુ પૂર્ણ કરે.

**તા. ક. :** આપણા ઘણા બધા પરિવારોએ પોતાના વ્હાલા અને સ્વજનો ગુમાવ્યા છે, કેટલાક સેવકો અને પાળકો પણ પ્રભુ પાસે ગયા છે તે બધાના પરિવારજનોને ઈશ્વરપિતા સ્વર્ગીય દિલાસાથી તૃપ્ત કરે એ જ પ્રાર્થના પ્રભુ સાંભળીને સ્વીકાર કરે.

**એડવિનભાઈ ક્રિશ્ચિયન**-પ્રમુખ

## મરણનોંધ

- હેલ્પીંગ હેન્ડ્સ ટ્રસ્ટી મંડળમાં ખજાનચી તરીકે સેવા આપતા વેસ્લી જમીનદાર સ્વર્ગવાસી થયા છે. સ્વર્ગસ્થના જીવાઈ ગયેલા જીવન માટે ઈશ્વરપિતાનો આભાર માનીએ છીએ. બેઉલાહ અલાયન્સ મંડળીમાં તેઓએ વર્ષો સુધી સેવાકાર્ય કર્યું છે. આ ઉપરાંત હેલ્પીંગ હેન્ડ્સ ટ્રસ્ટમાં પણ તેઓએ અદ્‌ભૂત સેવા કરી છે. સંસ્થાને એક સંનિષ્ઠ સેવકની મોટી ખોટ પડી છે. પરમેશ્વર પિતા વેસ્લીભાઈના પરિવારને સ્વર્ગીય દિલાસાથી ભરપૂર કરે.
- આણંદ બ્રાન્ચમાં અદના સેવક તરીકે સેવા આપતા રમણભાઈ ક્રિશ્ચિયન પ્રભુમાં ઊંઘી ગયા છે. મૂળે બોરસદના વતની હોવા છતાં તેઓ આણંદ બ્રાન્ચમાં સેવા આપતા હતા. બ્રાન્ચના કોઈપણ કામમાં તેઓ તત્પર રહેતા. પરદેશથી પણ દાતાઓ તરફથી બ્રાન્ચને દાન અપાવતા હતા. આવા પરગજુ સેવક માટે ઈશ્વરપિતાનો પુષ્કળ આભાર. પ્રભુ તેમના પરિવારજનોને સ્વર્ગીય દિલાસો આપે એ જ પ્રાર્થના.
- હેલ્પીંગ હેન્ડ્સ ટ્રસ્ટી મંડળના શરૂઆતના પાયાના ટ્રસ્ટી માર્કભાઈ જી. ક્રિશ્ચિયન પ્રભુમાં સદાને માટે ઊંઘી ગયા છે. મંડળી, સંસ્થા અને સમાજ માટે તેઓ ઉપયોગી પણ હતા. સ્વર્ગસ્થ અનુભાઈના તેઓ જમણા હાથ સમાન હતા. સંસ્થાને ઊભી કરવામાં તેઓનો અગત્યનો ફાળો હતો. પૃથ્વી ઉપરની કરેલી સેવાનો બદલો તેમના ફરજંદોને મળ્યો છે. અદ્‌ભૂત જીવાય ગયેલા જીવન માટે પ્રભુપિતાનો પુષ્કળ આભાર. પ્રભુ સ્વર્ગીય દિલાસાથી તૃપ્ત કરે એ જ પ્રાર્થના.
- હેલ્પીંગ હેન્ડ્સ ટ્રસ્ટી મંડળના ભૂતપૂર્વ ટ્રસ્ટી અને સ્વ. અનુભાઈના ખાસ મિત્ર શ્રી રમેશભાઈ પટેલ આજે પ્રભુપિતાની પવિત્ર ગોદમાં છે. મંડળીમાં, સંસ્થામાં અને સમાજમાં તેમની બહુમૂલ્ય સેવાઓ હતી. તેઓ સ્પષ્ટ વક્તા અને ખંતીલા કાર્યકર હતા. ખ્રિસ્તી સમાજને ન પૂરાય એવી ખોટ પડી છે. પરમેશ્વર પિતા તેમના પરિવારજનોને સ્વર્ગીય દિલાસાથી ભરપૂર કરે એ જ પ્રાર્થના.

# મનુષ્ય દેવ સમાન

**"ઘણી ચલ્લીઓ કરતાં તમે મૂલ્યવાન છો."** (માત્થી ૧૦:૩૧)

પૃથ્વી ઉપરના તમામ જીવો કરતાં યહોવા દેવે માણસનું મૂલ્ય (કિંમત) બહુંજ ઊંચું આક્યું છે. ઉપરનું વચન આપણને સ્પષ્ટ જણાવે છે કે માણસ એ દેવની નજરમાં મૂલ્યવાન છે. 'ઘણી ચલ્લીઓ' અહીં બે કે ચાર- સો કે બસો ચલ્લીઓ એવો કોઈ આંકડો લખ્યો નથી. પણ લખ્યું છે કે ઘણી ચલ્લીઓ કરતાં તમે મૂલ્યવાન છો. એટલે કે એ ચલ્લીઓ હજારોની સંખ્યામાં હોઈ શકે છે. અને તેનાથી પણ વધારે મૂલ્યવાન એટલે માણસની કિંમતની કોઈ સીમા (લિમિટ) બતાવી નથી.

**ઉત્પત્તિ ૧ :૨૭ :** યહોવા દેવે પોતાના સ્વરૂપ પ્રમાણે માણસને બનાવ્યું. ઉત્પત્તિ ૨:૭ અને યહોવા દેવે ભૂમિની માટીનું માણસ બનાવ્યું ને તેના નસકોરામાં જીવનનો શ્વાસ ફૂંક્યો-એટલે કે માટીમાંથી માણસ તેમના હાથે બનાવ્યું અને તેમણે પોતાનો શ્વાસ તેનામાં મૂક્યો. એટલે સંપૂર્ણ દેવમાંથી માણસને બનાવ્યો એટલે માણસ તે દેવ તો નહિં પણ દેવ સમાન બની ગયો. આ ઉપરથી આપણે વિચારીએ કે યહોવા દેવે પોતાના સમાન એટલે ખૂબ જ મૂલ્યવાન માણસને બનાવ્યું. હવે દેવે માણસ બનાવ્યું પણ તેના જીવનનિર્વાહ માટે શું ?

સામાન્ય રીતે જોઈએ તો કોઈપણ દેશના વડાપ્રધાન કે રાષ્ટ્રપતિ કે મોટા નેતાની જ્યારે નિમણૂંક કરવામાં આવે છે ત્યારે તે નેતાઓની તમામ જવાબદારી જે તે દેશની બની રહે છે. એનું ખાવું, પીવું, રહેવું, તેમની સુરક્ષા બધી જ જવાબદારી જે તે દેશની રહે છે. એ જ રીતે યહોવા દેવે પણ માણસને મૂલ્યવાન બનાવ્યો, તેને રહેવા માટે સુંદર એદનવાડી બનાવી. ત્યાર પછી ઉત્પત્તિ ૧:૨૯ અને દેવે કહ્યું કે જુઓ બીજદાયક શાક અને હરેક વૃક્ષ જેમાં બીજદાયક ફળ છે તેઓને મેં તમને આપ્યા છે.

**ઉત્પત્તિ ૨:૧૦ :** અને વાડીને પાણી પાવાને એક નદી એદનમાંથી નીકળી. માણસને ઉત્પન્ન કર્યા પછી જુઓ તેમાં ખોરાક માટે તેણે વૃક્ષોને ઉગાવ્યા પણ તે વૃક્ષોને જીવંત રાખવા પાણી પૂરું પાડ્યું. કેટલી બધી કાળજી દેવે અહીંયા માણસની લીધી છે તે જોઈએ છીએ.

વ્હાલાઓ, તેના બનાવેલા માણસ માટે તે સઘળી વ્યવસ્થાઓ પૂરી પાડે છે કેમ કે માણસ એ દેવની નજરમાં મૂલ્યવાન છે. અને વ્હાલાઓ આપણે તો દાઉદ રાજાના વંશની પ્રજા છીએ કેમકે દાઉદના કૂળમાંથી ઈસુ ખ્રિસ્તનો જન્મ થયો અને આપણને પિતા કહેવાનો અધિકાર આપ્યો એટલે આપણે પણ રાજવંશી પ્રજા છીએ. રાજાના દિકરા-દિકરીઓને કોઈપણ સારા વાનાંની અછત પડે નહીં કેમકે રાજાઓનો ભંડાર હંમેશા ખજાનાથી ભરેલા છે. (માલાખી ૩:૧૦) માટે આપણે કોઈ જ ચિંતા કરવાની જરૂર નથી.

**માત્થી ૬:૨૫-૨૬ :** એ માટે હું તમને કહું છું કે તમારા જીવને સારુ ચિંતા ન કરો કે અમે શું ખાઈશું અને શું પીશું અને તમારા શરીરને સારુ ચિંતા ન કરો કે અમે શું પહેરીશું. આકાશના પક્ષીઓને જુઓ, તેઓ તો વાવતા નથી ને કાપતા નથી ને ભંડારોમાં ભરતા નથી તોપણ તમારો આકાશમાંનો બાપ તેઓનું પાલન કરે છે તો તેઓ કરતાં તમે અધિક નથી શું ? જૂના કરારમાં પણ યહોવા દેવ આપણને પેઢીઓના આશીર્વાદ આપવાનું જણાવ્યું છે.

**નિર્ગમન ૨૦:૬ :** મારા પર જેઓ પ્રીતિ કરે છે ને મારી આજ્ઞાઓ પાળે છે તેઓની હજારો પેઢીઓ ઉપર દયા દર્શાવનાર છું.

**લેવીય ૨૬:૩-૪ :** જો તમે મારા વિધિઓમાં ચાલશો, ને મારી આજ્ઞાઓ પાળીને તે પ્રમાણે વર્તશો; તો હું તમને ઋતુએ વરસાદ આપીશ, ને ભૂમિ પોતાનાં ફળ આપશે.

**પુનર્નિયમ ૨૮:૫ :** જો તમે મારી આજ્ઞાઓ પાળશો તો તારી ટોપલી તથા કથરોટ આશીર્વાદિત થશે એટલે કોઈપણ વાનાંઓની ખોટ તમને મને પડશે નહિ એવું દેવબાપ અહીંયા જણાવે છે અને બાઈબલના સૌથી મોટી કલમ અને સૌથી મોટી ખાત્રી એ તો આકાશના રાજ્યની આપવામાં આવી છે તે યોહાન ૩:૧૬ : જે કોઈ તેના પર વિશ્વાસ કરશે તેનો નાશ નહિ થાય પણ તે અનંતજીવન પામશે.

યહોવા દેવે ઈબ્રાહિમને પણ ઉત્પત્તિ ૧૨ :૧માં કહ્યું કે તારા સગાં અને તારા બાપનું ઘર મુકીને હું બતાવું તે દેશમાં જા અને વિશ્વાસથી તે ચાલી નીકળ્યો અને ત્યાર પછી આપણે જોઈએ છીએ કે જે વાંઝીયો હતો તે આખી પૃથ્વીનો (સમુદાય)નો પિતા કહેવાયો. પ્રભુ પાસે પુષ્કળ છે ફક્ત તેની આજ્ઞાઓમાં આપણે ચાલવાનું છે.

તેણે તેના હાથોએ આપણને બનાવ્યા છે તેની અંદરનો શ્વાસનો ભાગ આપણા પર ફૂંક્યો છે અને આપણે તેના સ્વરૂપના તેના અંગના ભાગ બન્યા છીએ.

શું કોઈ માણસ પોતાના શરીરના અંગનો તિરસ્કાર કરે ? ના. તો વ્હાલાઓ આપણે પણ તેના અંગો છીએ તે ક્યારેય આપણો તિરસ્કાર કરશે નહિ. પણ જો આપણે તેની આજ્ઞાઓમાં ચાલીશું તો તે આપણને હજી પણ મૂલ્યવાન બનાવશે.

જેમ તેમણે ઈબ્રાહિમ, ઈશાક, યાકૂબ, મુસા, યહોશુઆ અને દાઉદને સફળ અને આશીર્વાદિત કર્યા તેમ તમને ને મને પણ આશીર્વાદિત કરશે.

જેમ તે ઈસુ ખ્રિસ્તે તેના શિષ્યોને કહ્યું કે, તમે મારી પાછળ આવો અને તમને માણસોને પકડનારા કરીશ. આજ હેતુથી ઈશ્વરે તમને ને મને પસંદ કર્યા છે ત્યારે તેની ઈચ્છા પરીપૂર્ણ કરનારા તેના બાળકો બનીએ. આમીન.

સેક્રેટરી - **વિનુભાઈ ચૌહાણ**
સી.ટી.એમ. બ્રાન્ચ, અમદાવાદ

---

# વાડીગામમાં પ્રભુઘર

ઈશ્વરપિતાની યોજનામાં છેલ્લા સાત વર્ષથી દક્ષિણ ગુજરાતના કપરાળા વિસ્તારમાં હેલ્પીંગ હેન્ડ્સ સંસ્થા જુદી જુદી રીતે સેવાકાર્ય કરે છે. પ્રમુખશ્રી એડવિનભાઈ અને તેમના સાથીઓ આ ક્ષેત્રમાં જુદા જુદા સર્વે કરે છે. દરમ્યાન તેમના ધ્યાન ઉપર આવ્યું કે ઘરની ઉપર તો ઠીક પણ ટ્રેક્ટર, રીક્ષા, છકડા, ટેક્સી અને ગાડીઓ ઉપર ક્રોસ મૂકવામાં આવેલા છે. અંતરીયાળ વિસ્તારમાં વાડીગામ નામનું એક ગામ છે જેમાં ૯૫% ખ્રિસ્તીઓ રહે છે. પણ અહીં પ્રભુઘર ન હતું. ગામલોકોએ પોતાની જરૂરિયાત પ્રમુખશ્રીને જણાવી. જેથી શ્રી એડવિનભાઈ તથા સી.ટી.એમ. બ્રાન્ચના જોઈન્ટ સેક્રેટરી શ્રી જસ્ટીન કોનીએ રૂા. ૨,૩૦,૦૦૦/-ની ભાગીદારીમાં આ પ્રભુઘર માટે આપ્યા. બે લાખ ત્રીસ હજાર રૂપિયામાં કંઈ પ્રભુઘર ન બંધાય પણ આ ગામના લોકોએ જાતે ઈંટો પાડી, જોઈતા લાકડાં મેળવ્યા અને જાતે જ મજૂરી કરી. અને માત્ર ૪૫ દિવસમાં ૪૦ x ૬૦ ફૂટનું પ્રભુઘર તૈયાર કરી દીધું. આ ચર્ચની ખાસિયત એ રહી કે તેમાં સાગનું એક મોટું બારણુ અને હવા ઉજાસ માટે દશ બારીઓ મૂકવામાં આવી છે. તા. ૨૦-૨-૨૦૨૧ના રોજ ચર્ચની આગળ ભવ્ય મોટો મંડપ બાંધવામાં આવ્યો. લગભગ ૮૦૦ થી વધારે વિશ્વાસીઓ ભેગા થયા હતા. અમદાવાદથી એડવિનભાઈ, જસ્ટીનભાઈ, રોબિનભાઈ, વિનસભાઈ આ બધા કુટુંબ સાથે ઉદ્‌ઘાટન પ્રસંગે હાજર રહ્યા હતા. સુરેશભાઈ, અશ્વિનભાઈ, રાજુભાઈ, મણિબેન, જયપ્રકાશભાઈ, સેમ્યુલભાઈ અને વિનુભાઈ પણ આવ્યા હતા. ગામ લોકો અને આજુબાજુની મંડળીના ભાઈ-બહેનો દ્વારા મોટી સંખ્યામાં ડી. જે. અને સ્થાનિક વાજિંત્રો સાથે અમારા બધાનું ભવ્ય સ્વાગત કર્યું હતું. એક જબરજસ્ત આત્મિક માહોલ ઉભો થયો હતો. એડવિનભાઈ અને જસ્ટીનભાઈ દ્વારા રીબીન કાપીને આ મોટા પ્રભુઘરને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રમુખશ્રી એડવિનભાઈએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. જુદા જુદા દાતાઓ દ્વારા દાનો આપવામાં આવ્યા હતા. ઉદ્‌ઘાટન અને મિટિંગ પછી દરેકને પ્રેમભોજન આપવામાં આવ્યું હતું. પ્રભુની કૃપામાં આ કાર્યક્રમ પુષ્કળ આશીર્વાદિત થયો હતો. જે વ્હાલાઓએ આ પ્રભુઘરમાં સાથ સહકાર આપ્યો છે તે બધાને પ્રભુ પુષ્કળ આશીર્વાદિત કરે.

આવા મોટા સેવાકાર્ય માટે હું હેલ્પીંગ હેન્ડ્સનો પુષ્કળ આભાર માનું છું.

સેવિકા : **મણિબેન હેન્રી**

# વિવિધ બ્રાન્ચના સમાચાર-માર્ચ-૨૦૨૧

## મણિનગર બ્રાન્ચના સમાચાર

❖ મણિનગર બ્રાન્ચને શ્રીમતી સ્ટેફી ઓનિલ જેરોમ તરફથી રૂા. ૧૦,૦૦૦/-તથા તેમના પિતાશ્રી રોબર્ટભાઈ વી. કાર્પેન્ટર (U.S.A.) તરફથી રૂા. ૫,૦૦૦/-દાન મળેલ છે. તેઓ તરફથી મણિનગર બ્રાન્ચને મળેલ ઉમદા તથા ઉદાર દાનને માટે ઈશ્વરપિતા તથા કુટુંબનો પુષ્કળ આભાર માનીએ છીએ.

❖ યેશુનંદાબહેન સેમસનભાઈ ક્રિશ્ચિયન (U.S.A.) તરફથી મણિનગર બ્રાન્ચને રૂા.૨૫,૦૦૦/-દાન મળેલ છે. કોરોનાનાં કપરા સમયમાં અત્યારે ઘરે ઘરે ફરીને દાન ઉઘરાવી ના શકાય તેમ હોય ત્યારે મળેલ આ ઉત્તમ દાનને માટે ઈશ્વરપિતાનો તથા કુટુંબનો ખૂબ જ આભાર માનીએ છીએ.

❖ પરિવાર સભ્ય શ્રીમતી વિમળાબહેન જોસફભાઈ ક્રિશ્ચિયન ૮૨ વર્ષનું આશીર્વાદિત જીવન જીવીને પ્રભુના વિસામામાં પ્રવેશ પામ્યા છે. કુટુંબને દિલાસો મળે તે માટે આપની પ્રાર્થનમાં ધરી રાખશો.

## બહેરામપુરા બ્રાન્ચના સમાચાર

❖ બહેરામપુરા બ્રાંચના કારભારી શ્રી આનંદભાઈ જે. ક્રિશ્ચિયન જેઓ રાણીપુર મારિયાપાર્કમાં રહે છે તેમના પુત્ર મેક્સવેલ ઈસ્ટરની ઉજવણીમાં ફટાકડા ફોડતાં એક આંખે ગંભીર ઈજા થઈ. જેનું ઓપરેશન નગરી હોસ્પિટલમાં કરવામાં આવ્યું. તેની દૃષ્ટિ પૂર્વવત થાય માટે સર્વેને પ્રાર્થના વિનંતી.

❖ બહેરામપુરા બ્રાંચના પ.સ. જેસ્મીનબેન એલ. મેકવાન અવારનવાર બ્રાંચના સેવકોને દાન દ્વારા પ્રોત્સાહિત કરતા રહ્યા છે. કોરોનાની વિષમ પરિસ્થિતિમાં પ્રભુએ સંભાળ્યા એ ઉપકારોને લક્ષમાં લઈ તેમના દ્વારા રૂા. ૫,૦૦૦, તેમના નાના બહેન સુધાબહેન શૈલેષભાઈ દ્વારા રૂા.૧૦,૦૦૦ , સ્મૃતિબહેન ભટનાગર દ્વારા ૨,૫૦૦ તેમજ સ્નેહાબેન એ. ક્રિશ્ચિયન દ્વારા ૨,૫૦૦ આમ કુલ ૨૦,૦૦૦ દાન મળતાં તમામ પ્રભુની સેવિકાઓનો આભાર માનીએ છીએ.

❖ બહેરામપુરા બ્રાંચના પ્રમુખ શ્રી નેલ્સનભાઈ તથા તેમના પત્ની કરુણાબહેન માર્ચની ૨૦મીએ પુત્રીને પુત્રદાન મળવાથી U.S.A. ગયા હતા. તેમણે હેલ્પીંગ હેન્ડ્ઝની કાર્યશૈલીની જાણકારી આપતા તેમના સાળાની પત્ની અમિતા ડેવિડ દેસાઈએ બ્રાંચને રૂા. ૧૦,૦૦૦, U.S.A. નિવાસી અનિતા કેનેથ ક્રિશ્ચિયને ૧૩૦ ડોલર (આશરે ૧૦૫૦૦)રૂપિયા તથા કરુણાબહેન નેલ્સને પણ રૂા. ૫,૦૦૦નું દાન આપ્યું હતું. તમામ દાનવીરોનો બ્રાંચ આભાર માને છે.

❖ બહેરામપુરા બ્રાંચના કાર્યશીલ કારભારી શિશિલ્યાબહેન દુબેના મોટા દિકરા સંજયને પગે તકલીફ થતાં ઓપરેશન કરાવવામાં આવ્યું. તેના સાજાપણા માટે પ્રાર્થના કરવા વિનંતી.

❖ બહેરામપુરા બ્રાંચના સેક્રેટરી રમેશભાઈના પત્ની અને બ્રાંચ કારભારી ગુણવંતીબહેનને યુ.એન. મહેતા ખાતે દાખલ કરાયા બાદ રજા મળતાં તેમની તંદુરસ્તી માટે સર્વેને પ્રાર્થના કરવા વિનંતી.

❖ બહેરામપુરા બ્રાંચના હોદ્દેદાર તથા સક્રિય કાર્યકર નેલ્સન ડી. ક્રિશ્ચિયનના બહોળા સંપર્કોના કારણે આઈલીન આશિષ રૂા. ૨,૦૦૦ તથા સ્ટીવન્સન સ્મિત રૂા. ૩,૦૦૦ કોરોનાની વિષમ પરિસ્થિતિને કારણે નબળા પરિવારો માટે દાન આપ્યું તે માટે બ્રાંચ હોદ્દેદારો તમામ દાતાશ્રીઓનો અંતઃકરણપૂર્વક આભાર માને છે.

❖ પ. સ. સુધાબહેન કલ્પીન ભગતની પુત્રી સીમાના લગ્ન થયેલ છે. પ્રભુ તેમના લગ્નજીવનને આશીર્વાદિત કરે તેવી પ્રાર્થના.

❖ પ. સ. પુષ્પાબહેન એસ. પરમાર આ મહામારીમાં હોસ્પિટલાઈઝ્ડ થવાથી તેમના સાજાપણા માટે સર્વેને પ્રાર્થના કરવા વિનંતી.

❖ સેમ્યુલ વિલ્યમ ક્રિસ્ટી છેલ્લા ઘણા સમયથી બીમાર હતા. તેઓની જીવન દોડ તા. ૧-૫-૨૦૨૧ના રોજ પુરી થતાં સ્વર્ગીય ધામમાં પ્રવેશ્યા છે. તેમના પરિવારને દિલાસો મળે માટે પ્રાર્થના કરવા વિનંતી.

## સી.ટી.એમ. બ્રાન્ચના સમાચાર

**માર્ચ-૨૦૨૧**

❖ તમામ અમારા દાનદાતાઓને સી.ટી.એમ. બ્રાન્ચના કાર્યકર્તાઓ તરફથી ઈસ્ટરની શુભકામના પાઠવું છું.

❖ કોરોના વાયરસ કે જેણે આખા વિશ્વને તથા આપણા દેશ, રાજય તથા શહેરને હચમચાવી નાખ્યું છે. તો આપણે ખ્રિસ્તના દિકરા-દિકરીઓ હોઈ આપણે જીવંત ઈશ્વરને પ્રાર્થના કરીએ કે પ્રભુપિતા આ પૃથ્વી ઉપરથી આ વાયરસનો નાશ કરો અને જે જે લોકો આ કોરોનાથી સંક્રમિત થએલા છે તે સર્વને પ્રભુ સાજાપણું આપે. આ વાયરસને લીધે ઘણા પરિવારોને સ્વર્ગીય દિલાસો મળે એવી અમે પ્રાર્થના કરીએ છીએ.

❖ આ ભયંકર પરિસ્થિતિમાં પરિવારોની મુલાકાત લેવી એ શક્ય બનતું નથી માટે દાનોની આવક પણ ઓછી થઈ ગઈ છે. પણ પ્રભુની કૃપાથી અમો રેગ્યુલર દર મહિને વિધવા ગરીબ બહેનોને અનાજ-કરિયાણું આપી શક્યા છીએ માટે ઈશ્વરપિતાનો આભાર માનીએ છીએ.

❖ સરકારશ્રીના આદેશ મુજબ તથા આપણે પોતાની ફરજ સમજીને નિયમોનું પાલન કરશો એવી વિનંતી કરું છું. આપણા વહાલા વૃદ્ધોની કાળજી લેશો સાથે સાથે નાના બાળકોનું પણ ધ્યાન રાખશો એવી નમ્ર અરજ કરું છું. પ્રભુ બાપ તમને બધાને સુરક્ષિત રાખે એવી મારી પ્રાર્થના છે.

❖ ઈસ્ટરના પવિત્ર પર્વ નિમિત્તે તા. ૨૮-૩-૨૧ના રવિવારના રોજ ૧૧-૦૦ કલાકે મર્સીબહેનની સ્કૂલમાં સ્પેશીયલ કિટ વિતરણ રાખ્યું હતું. જેમાં પાંત્રીસ ગરીબ વિધવા બહેનોને અનાજ તેમજ તહેવારને લીધે ઘી-ગોળ-સોજી જેવી વપરાશની ચીજવસ્તુઓ પણ આપી હતી.

❖ ઈસ્ટરના વિતરણના પ્રોગ્રામમાં ટેમ્પલ કોરના હોલ સાર્જન્ટ મહેશભાઈ ક્રિસ્ટીના પત્ની સરોજબાળા મુખ્ય મહેમાન તરીકે આવ્યા હતા. આ સાથે મહેશભાઈ પણ હાજર રહ્યા હતા. શારદાબેન હોસ્પિટલમાંથી ૩૨ વર્ષની નર્સીંગ સેવાઓ આપી સરોજબાળાબેન રિટાયર્ડ થયા છે. તેમનું હેલ્પીંગ હેન્ડ્સ બ્રાન્ચ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. તેમણે પણ અમારી સેવાઓને બિરદાવી હતી. આ પ્રસંગે જમવાનો ખર્ચ સરોજબાળાબેન તરફથી આપવામાં આવ્યો હતો. તેઓનો આભાર માનીએ છીએ. આ પ્રસંગે વચનની સેવા યોહાનભાઈ મેકવાને આપી હતી. પ્રમુખ શ્રી એડવિનભાઈ, ઉપપ્રમુખ સેમ્યુલભાઈ તથા ટ્રસ્ટી રોબિનભાઈ, વેલેન્ટાઈનભાઈ, એલ્વિન વાઘેલા, એડનાબેન તથા કાર્યકર્તાઓએ હાજરી આપી હતી. સર્વે મહેમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. પ્રમુખ દ્વારા પણ સેવાઓને બિરદાવવામાં આવી હતી. આ દિવસ બહુ જ આશીર્વાદિત રહ્યો હતો. મર્સીબહેન અમારા પ્રમુખ મેડમનો આભાર માનીએ છીએ કે તેઓએ તેમની સ્કૂલ અમારા માટે ખુલ્લી મુકી છે.

❖ અમારા ઉપપ્રમુખ ગિલ્બર્ટભાઈના પત્ની શશીબાળાબેન ઉંમરને લીધે બિમાર હતા અને કોરોના પોઝીટીવ પણ હતા. પ્રભુએ તેમને નવું જીવન આપ્યું માટે આભાર.

❖ સેટેલાઈટ વિસ્તારમાં વસતા ખ્રિસ્તી ભાઈ-બહેનો કે જેઓના ઘરમાં બિમારી છે એવા પરિવારોની મુલાકાત લઈ પ્રાર્થના કરવામાં આવી. સાથે સેટેલાઈટ બ્રાન્ચના કાર્યકર સુરેશભાઈ તથા ટ્રસ્ટ પ્રમુખ એડવીનભાઈ હાજર રહ્યા હતા.

❖ ટ્રસ્ટના ઉપપ્રમુખ સેમ્યુલભાઈ જેઓની ઘણી ઉંમર છે છતાંય સેવામાં બહુજ એક્ટીવ છે. જાતે જ દરેક કામો કરે છે. આવા સેવકને માટે ઈશ્વરનો આભાર માનીએ છીએ. પ્રભુના આ સેવકની તંદુરસ્તી માટે તથા તેમના પત્ની સરોજીનીબેન જેઓ ઉંમરને લીધે બિમાર છે, પુષ્કળ અશક્ત છે તો તેઓ માટે પણ ખાસ પ્રાર્થના કરશો.

❖ ટ્રસ્ટી શ્રી રોબિનભાઈનો આભાર માનીએ છીએ તેઓ વાર્ષિક હિસાબના એકાઉન્ટ્સમાં ખૂબ જ મદદરૂપ રહ્યા છે. પ્રભુ તેમને આશિષ આપે એવી પ્રભુને પ્રાર્થના કરીએ છીએ.

❖ ટ્રસ્ટીમંડળમાં વેલેન્ટાઈનભાઈ ટ્રસ્ટી તરીકે સેવાઓમાં જોડાયા છે. અમે આનંદ અનુભવીએ છીએ. અમારી બ્રાન્ચ તરફથી તેમને શુભેચ્છા પાઠવવામાં આવે છે.

## સરસપુર બ્રાન્ચના સમાચાર

❖ રમણભાઈ એસ. પરમાર L.I.C. માંથી નિવૃત્ત થતાં રૂા. ૨૪૦૦/-નું દાન આપેલ છે.

❖ પરિવાર સભ્ય સંજયભાઈ શંકરભાઈએ જન્મદિન નિમિત્તે રૂા. ૨૦૦/-દાન આપેલ છે.

❖ રાજુભાઈ એમ. જાદવ અંબિકાનગર સ્કૂટર રીપેરીંગ માટે દુકાન રાખેલ હોઈ રૂા. ૭૦૦/-દાન આપેલ છે.

❖ પરિવાર સભ્ય સ્નેહલકુમાર ફુલજીભાઈને કોરોના થયેલ. રીકવરી બાદ રીપોર્ટ નેગેટીવ આવેલ છે. અત્યારે સારું છે.

❖ પરિવાર સભ્ય કાન્તિલાલ એમ. મહિડાને કોરોના થવાથી હોસ્પિટલમાં દાખલ છે. પ્રાર્થના કરશો.

### નડિયાદ બ્રાન્ચના સમાચાર

➢ પ. સ. હેમલત્તા હઝકીએલભાઈની સુપુત્રી પ્રભુકૃપાએ યુ.કે.માં રહેતા અર્પિતાની સગાઈ નિકુંજ સાથે થઈ તે બદલ આભારસ્તુતિ દાન રૂા. ૫૦૦/-હેલ્પીંગ હેન્ડસને આપેલ છે તે બદલ તેઓ પ્રભુમાં ખૂબ જ આશીર્વાદિત થાય એવી પ્રાર્થના છે.

➢ શૈલેષ એલ. ક્રિશ્ચિયન (કેનેડા) તરફથી જરૂરિયાતમંદ વ્યક્તિઓને ઈસ્ટર કીટ માટે રૂા. ૨૦૦૦/-દાન મળેલ છે તેમના આ ઉમદા દાન માટે તેમનો અને ઈશ્વરપિતાનો આભાર માનીએ છીએ. પ્રભુ પિતા તેમની સેવાઓને આશીર્વાદિત કરે.

➢ ચાલુ સમય દરમ્યાન આપણા કાર્યકર્તાઓ અને દાતામિત્રો પણ કોરોનાના સંક્રમણથી સંક્રમિત થયા પરંતુ પ્રભુપિતાએ આપ સૌની પ્રાર્થનાઓ સાંભળી સૌને સાજાપણું આપ્યું. ઈશ્વરપિતાનો ખૂબ ખૂબ આભાર.

➢ લક્ષ્મીબેન યોહાનભાઈ રાઠોડ (યુ.એસ.એ.) તરફથી ઈસ્ટર કીટ માટે રૂા. ૫૦૦૦/-નું દાન પ્રાપ્ત થયેલ છે. હેલ્પીંગ હેન્ડ્સ નડિયાદ બ્રાંચ તરફથી તેમનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે.

### ઈસ્ટર ખાદ્ય સામગ્રી વિતરણ કાર્યક્રમ-નડિયાદ

આપણા તારણહાર પ્રભુ ઈસુના મધુર નામમાં પ્રેમી સલામ.

ધી હેલ્પીંગ હેન્ડ્સ નડિયાદ બ્રાન્ચ દ્વારા ચાલુ સાલે પણ ગ્રામ્ય વિસ્તારના જરૂરિયાતમંદ કુટુંબોને ઈસ્ટર પર્વ સારી રીતે ઊજવી શકે માટે ખાદ્ય સામગ્રી વિતરણ કાર્યક્રમ તારીખ ૨૭-૦૩-૨૦૨૧ને શનિવારના રોજ એલીમ હોલ ખાતે યોજવામાં આવ્યો.

શરૂઆતની પ્રાર્થના હેલ્પીંગ હેન્ડ્સના પ્રમુખ કાંતિભાઈ જી. પરમારે કરાવી. ત્યારબાદ કીટ્સ વિતરણની શરૂઆત કરવામાં આવી. કુલ ૧૦૫ જરૂરિયાતમંદ કુટુંબોને વિતરણ કરવામાં આવ્યું.

અનાજ કીટ ખાદ્ય સામગ્રીમાં નીચે પ્રમાણે વસ્તુઓ આપવામાં આવી. ૫ કિલો. ઘઉં, ૫ કિલો. ગુજરાત-૧૭ ચોખા, ૨ કિલો. મોરસ, ૧ કિલો. તુવેર દાળ, ૧ કિલો. કપાસ તેલ, ૧ કિલો સોજી, ૧ કિલો ટાટા મીઠું, ૫૦૦ ગ્રામ વનસ્પતિ ઘી, ૨૫૦ ગ્રામ હળદર, ૨૫૦ ગ્રામ મરચું, ૨૫૦ ગ્રામ ચા-આમ કુલ ૧૭૨૫૦ ગ્રામની કીટ્સ દરેક કુટુંબને આપવામાં આવી. નડિયાદ આજુબાજુના લગભગ ૨૫ ગામના કુટુંબોએ લાભ લીધો.

આ સમયે હેલ્પીંગ હેન્ડ્સના તમામ કાર્યકર્તાઓએ સારો સહકાર આપ્યો તે બદલ સૌ હોદ્દેદારોનો અને કાર્યકરોનો આભાર માનવામાં આવે છે.

આ કાર્યક્રમ યોજવા માટે એલીમ ચર્ચનો હોલ અને શેડ કોઈપણ ચાર્જ લીધા સિવાય વાપરવા આપવા બદલ બંને પાળક સાહેબોનો તેમજ પાસ્ટોરેટ કમિટિના તમામ સભ્યશ્રીઓનો હૃદયના ઊંડાણથી આભાર માનવામાં આવે છે.

પ્રમુખ-**કાંતિભાઈ જી. પરમાર**
હેલ્પીંગ હેન્ડ્સ-નડિયાદ

### નડિયાદ બ્રાન્ચ

કોરોનાની કારમી પરિસ્થિતિમાં જરૂરિયાતમંદોને મફત ટીફીન સેવા કોઈપણ જાતના ભેદભાવ સિવાય પૂરી પાડવામાં આવી રહી છે. પ્રભુ આ કાર્યને આશીર્વાદિત કરે.

### વડોદરા બ્રાન્ચ

કોરોનાની ભયંકર પરિસ્થિતિમાં પણ અમારી બ્રાન્ચ કાર્યકરોના સાથ-સહકારથી સેવાકાર્યો કરી રહી છે. માંદાઓની મુલાકાત લીધી છે. જેમના ઘરે મરણ થયું છે તેવા કુટુંબોને દિલાસો પાઠવવામાં આવ્યો છે. તા. ૬-૩-૨૦૨૧ના રોજ ટ્રસ્ટ પ્રમુખ શ્રી એડવિનભાઈની રાહબરી હેઠળ સુલેમાનભાઈ, રમેશભાઈ અને વિનોદભાઈ ડેડિયાપાડા વિસ્તારમાં ગયા હતા. સર્વે કરતાં માલુમ પડ્યું હતું કે નીંઘટ ગામે પાંચ ગરીબ વિધવા બહેનો છે તેમને આવકનું કોઈ સાધન નથી તેથી આ વિધવા બહેનોને દૂધ આપતી બકરીઓ આપવામાં આવી હતી. આ નાના કાર્યક્રમમાં પ્રમુખશ્રીએ વિધવા બહેનોને ઉત્તેજન પૂરું પાડ્યું હતું. આ વિસ્તારના માથામોગર અને નિવાલ્દ ગામે પાણીની સમસ્યા છે. જેથી અહીં હેન્ડ પંપ નાખવા માટેના પ્રયત્નો ચાલુ છે. સર્વ દાતાઓ માટે ખૂબ જ આભાર માનીએ છીએ. આવા કપરા કાળમાં પણ બ્રાન્ચને પુષ્કળ દાન મળ્યું છે. પ્રભુ પ્રત્યેક દાતાઓને આશીર્વાદિત કરે.

# હેલ્પીંગ હેન્ડ્સને મળેલ દાન-માર્ચ-૨૦૨૧

**ટ્રસ્ટ**

**ટ્રસ્ટ પ્રમુખની મારફતે**

| | |
|---|---|
| રેનિસન એલિસભાઈ | ૬૦૦૦ |
| એડવિન એલ. ક્રિશ્ચિયન | ૧૫૦૦ |
| ગ્લોવર વૉલ્ટરભાઈ | ૧૦૦૦ |
| જ્હોનસન ક્રિશ્ચિયન (લગ્ન પ્રસંગે) | ૧૦૦૦ |
| મિલ્ટન ક્રિશ્ચિયન (લગ્ન પ્રસંગે) | ૧૦૦૦ |
| જસ્ટીન એમ. કોની (લગ્ન પ્રસંગે) | ૧૦૦૦ |
| વસંતભાઈ કામદાર | ૧૦૦૦ |
| રૂપેશ ટી. રાજ | ૫૦૦ |
| ફિલિપભાઈ એસ. ક્રિસ્ટી | ૪૦૦ |
| એડવિન એફ. પરમાર | ૨૦૦ |
| નિખિલ સી. ક્રિશ્ચિયન | ૮૦૦ |
| ઈસુદાસ ડી. પામર | ૫૦૦ |

**સેમ્યુલ પી. મારફતે**

| | |
|---|---|
| જ્યુડીથ એમ. ક્રિશ્ચિયન (પિતા માર્કભાઈના સ્મરણાર્થે) | ૧૦૦૦૦ |
| ધીરજલાલ ઓ. ટેલર | ૯૦૦ |
| હેમલત્તાબેન સુનીલકુમાર ખંભાતા | ૫૦૦૦ |
| જયકરભાઈ એસ. ક્રિશ્ચિયન | ૧૦૦ |
| કિરીટકુમાર એસ. પરમાર | ૧૦૦ |

**સોલોમન એચ. ક્રિશ્ચિયન મારફતે**

| | |
|---|---|
| સોલોમન એચ. ક્રિશ્ચિયન | ૩૦૦ |
| સવિતા સોલોમન ક્રિશ્ચિયન | ૩૦૦ |
| રાજેશ ફ્રેન્ક | ૩૦૦ |
| અંબાલાલ પરમાર | ૩૦૦ |
| જશીબેન અંબાલાલ પરમાર | ૧૫૦ |
| સીરીલભાઈ આર. મેકવાન | ૩૦૦ |
| કાન્તિભાઈ ક્રિસ્ટી | ૩૦૦ |
| શારદાબેન કે. ક્રિસ્ટી | ૩૦૦ |
| ક્રિસ્ટોફરભાઈ કે. ક્રિસ્ટી | ૩૦૦ |
| વિલિયમ મેકવાન | ૬૫૦ |
| હનોખભાઈ એચ. ક્રિશ્ચિયન | ૧૫૦ |
| લિલિયનબેન એચ. ક્રિશ્ચિયન | ૧૫૦ |
| જોયેલ એમ. મેકવાન | ૬૦૦ |
| પૉલ વી. ક્રિશ્ચિયન | ૩૦૦ |
| માઈકલ કે. ક્રિશ્ચિયન | ૩૦૦ |
| સુનંદાબેન માઈકલ ક્રિશ્ચિયન | ૩૦૦ |
| રોબર્ટભાઈ સી. ક્રિશ્ચિયન | ૯૦૦ |
| અર્નેષ્ટ ક્રિશ્ચિયન | ૧૦૦ |
| ઈમુભાઈ હેરી | ૧૦૦ |

**મણિનગર બ્રાન્ચ**

**જયંતિભાઈ એમ. મેકવાન મારફતે**

| | |
|---|---|
| સ્ટેલા કે. બુચ | ૧૫૦૦૦ |
| સુનિતાબેન ગુપ્તે | ૧૦૦૦૦ |
| દિવ્યપ્રભાબેન વી. ક્રિશ્ચિયન | ૧૦૦૦ |
| રેક્સ મેક્સવેલ જાની | ૧૫૦૦ |
| અવની ક્રિસ્ટોફર ક્રિશ્ચિયન | ૨૭૦૦ |
| ક્રિસ્ટોફર એલ. ક્રિશ્ચિયન | ૨૭૦૦ |
| એડવીનભાઈ એફ. પરમાર | ૭૦૦ |
| જયંતિભાઈ એમ. મેકવાન | ૪૦૦ |
| હેમલતાબેન જે. મેકવાન | ૪૦૦ |
| રીચાર્ડ જે. મેકવાન | ૪૦૦ |
| જોય જે. મેકવાન | ૫૦૦ |
| ઈસુદાસ ડી. પામર | ૩૦૦ |
| રાજેન્દ્રકુમારી વી. દેસાઈ | ૫૦૦ |
| સરલાબેન જરદોષ | ૪૫૦ |
| સ્તવનભાઈ એસ. ક્રિશ્ચિયન | ૭૫૦ |
| સેરલબેન એસ. ક્રિશ્ચિયન | ૭૫૦ |
| વિલ્સનભાઈ એ. ક્રિશ્ચિયન | ૬૦૦ |
| મીનાક્ષીબેન ઈ. ક્રિશ્ચિયન | ૬૦૦ |
| જેકસનભાઈ જે. ક્રિશ્ચિયન | ૩૦૦ |
| દેવદાસભાઈ ડી. ક્રિશ્ચિયન | ૪૦૦ |
| સુલીમીતાબેન એસ. સાફાકર | ૬૦૦ |
| સ્વ. દેવયાનીબેન સાફાકર | ૧૨૦૦ |
| વિનોદચંદ્ર જી. ક્રિશ્ચિયન | ૪૦૦ |
| અવિનાશભાઈ જે. પરમાર | ૩૦૦ |
| નોએલ વી. ક્રિશ્ચિયન | ૩૦૦ |
| થોમસભાઈ એસ. ક્રિશ્ચિયન | ૨૦૦ |
| એકતાબેન જે. ક્રિશ્ચિયન | ૩૦૦ |
| ઈવેન્જલીના એ. ક્રિશ્ચિયન | ૪૦૦ |
| લીનસભાઈ જે. ક્રિશ્ચિયન | ૫૦૦ |
| લ્યુક્યસભાઈ આઈ. ક્રિશ્ચિયન | ૭૦૦ |
| હેમલતાબેન એલ. ક્રિશ્ચિયન | ૭૦૦ |
| જસ્ટીનભાઈ બી. ક્રિશ્ચિયન | ૨૦૦ |

**દરકાસબેન ટી. ક્રિશ્ચિયન મારફતે**

| | |
|---|---|
| સુમતિબેન એસ. સોલંકી | ૩૮૦૦ |
| દરકાસબેન ટી. ક્રિશ્ચિયન | ૧૫૦ |
| ઈવેન્જલીના ટી. ક્રિશ્ચિયન | ૧૫૦ |
| લિનસ ટી. ક્રિશ્ચિયન | ૧૫૦ |
| સુશીલાબેન એમ. દિપક | ૩૦૦ |
| મનુભાઈ એસ. ક્રિશ્ચિયન | ૩૦૦ |
| ગીદીઓનભાઈ બી. ક્રિશ્ચિયન | ૯૦ |
| સવિતાબેન જે. ખેડીયા | ૩૦૦ |
| મેલ્વીનભાઈ જે. ખેડીયા | ૩૦૦ |
| સંકેતભાઈ કે. ધારપુરે | ૩૦૦ |
| કરુણાબેન એસ. ક્રિશ્ચિયન | ૧૫૦ |
| રેખાબેન એ. ક્રિશ્ચિયન | ૨૦૦ |
| સીનારીટાબેન જે. મુસાફરા | ૧૫૦ |
| કૃપાબેન ડી. ક્રિશ્ચિયન | ૩૦૦ |
| મીનાક્ષીબેન એચ. ક્રિશ્ચિયન | ૩૦૦ |
| મનોરમાબેન વી. ક્રિશ્ચિયન | ૩૦૦ |
| સરોજબેન જે. ક્રિશ્ચિયન | ૬૦ |
| સુનંદાબેન અસ. મહિડા | ૧૦૦ |
| કેથેરાઈનબેન જે. ક્રિશ્ચિયન | ૩૦૦ |
| ક્રિયાબેન આઈ. પરમાર | ૬૦ |
| શીલાબેન એફ. ક્રિશ્ચિયન | ૧૦૦ |
| ટીનાબેન એ. ક્રિશ્ચિયન | ૩૦૦ |
| સેજલબેન એ. ક્રિશ્ચિયન | ૨૦૦ |
| સ્મિત જયાનંદ ક્રિશ્ચિયન | ૩૦૦ |
| શીલાબેન એફ. ક્રિસ્ટી | ૧૦૦ |
| નીરૂબેન એ. ક્રિશ્ચિયન | ૨૦૦ |
| ઈશાકભાઈ એ. ક્રિશ્ચિયન | ૩૦૦ |
| રમીલાબેન એન. ક્રિશ્ચિયન | ૧૫૦ |

| | |
|---|---|
| શર્લીબેન જે. ક્રિશ્ચિયન | ૧૫૦ |
| સરોજબેન ઈશાકભાઈ ક્રિશ્ચિયન | ૧૦૦ |

**કાન્તિભાઈ પી. મેકવાન મારફતે**

| | |
|---|---|
| કાન્તિભાઈ પી. મેકવાન | ૩૦૦ |
| પુષ્પાબેન કે. મેકવાન | ૩૦૦ |
| દિગિષા કે. મેકવાન | ૧૫૦ |
| દર્શિતા એન. પરમાર | ૧૫૦ |
| નિતિનકુમાર પી. પરમાર | ૧૫૦ |
| સંજય કે. મેકવાન | ૨૫૦ |
| એરીન એન. પરમાર | ૧૫૦ |
| આનંદીબેન જી. મકવાણા | ૧૫૦ |
| શિશિર એસ. પારકર | ૩૦૦ |
| હસમુખભાઈ પી. માલવિયા | ૩૦૦ |
| સ્મિતા એચ. માલવિયા | ૩૦૦ |
| રેનિસન રોબિન ક્રિશ્ચિયન | ૧૦૦૦ |
| કૈલાસબેન વિક્ટરભાઈ | ૧૦૦ |
| પુષ્પાબેન ઝેવિયર | ૫૦ |

**મહેશભાઈ આર. મેકવાન મારફતે**

| | |
|---|---|
| મહેશભાઈ આર. મેકવાન | ૯૦૦ |
| સરોજબેન એમ. મેકવાન | ૨૦૦ |
| હંસાબેન બિપીનભાઈ | ૫૦૦ |
| દિપ્તીબેન ડબલ્યુ. પરમાર | ૫૦૦ |
| લલિતાબેન એ. ક્રિશ્ચિયન (સ્વ. એન્ડ્રુઝભાઈના સ્મરણાર્થે) | ૧૮૦૦ |
| જુલિયસભાઈ ડી. ક્રિશ્ચિયન | ૫૦૦ |

**રમણભાઈ પી. રાઠોડ મારફતે**

| | |
|---|---|
| નેન્સી ગિરીશભાઈ ક્રિશ્ચિયન | ૧૫૦૦ |
| પ્રેયરસન ઈ. દેવદત્ત | ૪૦૦ |
| અંજુબેન એ. ક્રિશ્ચિયન | ૧૫૦ |
| જશવંતીબેન ઈ. ક્રિશ્ચિયન | ૧૦૦ |
| કાન્તિભાઈ વી. પરમાર | ૩૦૦ |
| શીલાબેન પી. ક્રિશ્ચિયન | ૬૦૦ |
| સુંદરમતીબેન જે. ક્રિશ્ચિયન | ૨૦૦ |
| રમણભાઈ પી. રાઠોડ | ૧૫૦ |
| રમેશભાઈ બી. ક્રિશ્ચિયન | ૩૦૦ |
| મંજુલાબેન એમ. મેકવાન | ૩૦૦ |
| મિલ્ટન એમ. મેકવાન | ૧૫૦ |
| ઉર્મિલા મિલ્ટન મેકવાન | ૧૫૦ |
| ફિલિપભાઈ બી. પરમાર | ૨૦૦ |
| રેનિસનભાઈ એ. ક્રિશ્ચિયન | ૧૦૦૦ |

**વિરમતીબેન એ. ક્રિસ્ટી મારફતે**

| | |
|---|---|
| યેશુનંદા સેમસન ક્રિશ્ચિયન | ૨૫૦૦૦ |
| સ્ટીફન ઓનિલ જેરોમ | ૧૦૦૦૦ |
| રોબર્ટ વી. કાર્પેન્ટર (U.S.A.) | ૫૦૦૦ |

**ગૌરવભાઈ ડી. દેસાઈ મારફતે**

| | |
|---|---|
| ગૌરવ દિલીપભાઈ દેસાઈ | ૨૦૦ |
| રોઝી ગૌરવ દેસાઈ | ૨૦૦ |
| સાક્ષી ગૌરવ દેસાઈ | ૨૦૦ |
| મહિમા ગૌરવ દેસાઈ | ૨૦૦ |
| દિલીપભાઈ પી. દેસાઈ | ૨૦૦ |
| રાકેશભાઈ એસ. મેકવાન | ૨૦૦ |
| રીતેશ મહેન્દ્રભાઈ | ૫૦૦ |
| નોએલભાઈ વી. ક્રિશ્ચિયન | ૩૦૦ |

**બહેરામપુરા બ્રાન્ચ**

**શિશિલ્યાબેન દુબે મારફતે**

| | |
|---|---|
| ઓમેગા પ્રથમભાઈ ક્રિસ્ટી | ૧૦૦ |
| સેજલબેન એમ. હેરી | ૩૦૦ |
| અરવિંદાબેન કે. ક્રિશ્ચિયન | ૧૦૦૦ |
| જેસ્મીનબેન એલ. મેકવાન | ૧૦૦ |
| શાર્લીબેન એ. ઝાંઝરૂકિયા | ૧૦૦ |
| રીટાબેન ડી. ક્રિશ્ચિયન | ૬૦૦ |
| શિશિલ્યાબેન એચ. દુબે | ૩૦૦ |

**રમેશભાઈ પી. ક્રિશ્ચિયન મારફતે**

| | |
|---|---|
| જેસ્મીનબેન એલ. મેકવાન | ૫૦૦૦ |
| સુધાબેન શૈલેષભાઈ ક્રિસ્ટી | ૧૦૦૦૦ |
| સ્મૃતિબેન એ. ભટનાગર | ૨૫૦૦ |
| સ્નેહાબેન એ. ક્રિશ્ચિયન | ૨૫૦૦ |
| કરુણાબેન એન. ક્રિશ્ચિયન | ૫૦૦૦ |
| રમેશભાઈ પી. ક્રિશ્ચિયન | ૧૧૦૦ |
| જોલીભાઈ વી. ક્રિશ્ચિયન | ૧૫૦૦ |
| મેજર દિનાબેન ગોહેલ | ૯૦૦ |
| પુષ્પાબેન એસ. પરમાર | ૫૦૦ |
| સેમ્યુલ વી. ક્રિસ્ટી | ૪૦૦ |
| સરોજબેન યોહાન ક્રિશ્ચિયન | ૩૦૦ |
| શોભનાબેન બી. ટેલર | ૨૦૦ |
| મનુભાઈ એમ. મેકવાન | ૨૦૦ |

**ગુણવંતીબેન આર. ક્રિશ્ચિયન મારફતે**

| | |
|---|---|
| અમિતા ડેવિડ દેસાઈ (U.S.A.) | ૧૦૦૦૦ |
| ગુણવંતી આર. ક્રિશ્ચિયન | ૨૦૦ |
| અનામી દાતા દ્વારા | ૮૦૦૧ |
| શોભના બી. ટેલર | ૨૦૦ |
| જીતેન્દ્ર આર. ક્રિશ્ચિયન | ૨૦૦ |
| સુનિલ આર. ક્રિશ્ચિયન | ૧૦૦ |
| રેશ્મા એસ. ક્રિશ્ચિયન | ૧૦૦ |

**નેલ્સનભાઈ ડી. ક્રિશ્ચિયન મારફતે**

| | |
|---|---|
| કુસુમબેન આર. ટેકરીવાલા | ૫૦૦ |
| લીલીયનબેન જે. કાઈટ | ૧૨૦૦ |
| રમેશભાઈ આઈ. ટેકરીવાલા | ૫૦૦ |
| આઈલીન આશિષ ક્રિશ્ચિયન | ૨૦૦૦ |
| સ્ટીવન્સન સ્મિથ | ૩૦૦૦ |
| નેન્સી અમિત દાસ | ૧૨૦૦ |
| નેલ્સન ડી. ક્રિશ્ચિયન | ૧૨૦૦ |
| જુલ્યસ એચ. ડામોર | ૫૦૦ |
| ઓલિવિયા જેમ્સ | ૧૦૦ |

**સરસપુર બ્રાન્ચ**

**રૂથબેન બી. ક્રિસ્ટી મારફતે**

| | |
|---|---|
| રૂથબેન બી. ક્રિસ્ટી | ૩૦૦ |
| સુલોચના એસ. રાઠોડ | ૭૫ |
| સ્તેફનભાઈ ફિલિપભાઈ રાઠોડ | ૭૫ |
| નોએલ સ્તેફનભાઈ રાઠોડ | ૭૫ |
| રેનોલ્ડ સ્તેફનભાઈ રાઠોડ | ૭૫ |
| રમીલાબેન જોસફભાઈ ટેલર | ૩૦૦ |
| મીનાબેન વિલ્સનભાઈ ક્રિશ્ચિયન | ૧૫૦ |
| મધુબેન રજનીકાન્ત ક્રિશ્ચિયન | ૭૫ |
